Volume 3, Issue 10
January
2026

# ટપક E-MAGAZINE

૨૯ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

સંસ્થાએ કાર્યવિસ્તારમાં બધા લીડર ખેડૂતોના ક્ષમતાવર્ધન માટે એક પરામર્શ મીટીંગનું આયોજન કર્યું હતું. જેમાં ૭ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ બાપાનો ડુંગર (PU46 ખાંભા), ૮ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ કોમ્યુનિટી હોલ લાઠી (PU48 લાઠી), ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ટીંબી (INGJ14 અને 27) અને ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ચિતલ (PU45 ચિતલ) ખાતે મીટીંગોનું આયોજન કર્યું હતું.









**LEDP પ્રોગ્રામ અંતર્ગત તા.૨૨/૦૧/૨૦૨૬ ના રોજ શેખ પીપરિયા અને ચીતલ ગામે ચાલતા પ્રોગ્રામ અંગે પ્રોગ્રેસ મિટિંગ PMICનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નાબાર્ડના DDM-ભાવનાબેન શીંગાળા, CCFCF થી વીણાબેન ઠાકુર, SSKK – પરેશભાઈ સોલંકી, કોમલ ચાંડપા, રશ્મિ સરલિયા, નરેન્દ્રસિહ ગોહિલ, પાર્થ જોષી, સપના ચોવટિયા તેમજ NRLM સ્ટાફ હાજર રહ્યા. આ સાથે પ્રોગ્રામના ૧૫-૧૭ લાભાર્થી બહેનોએ પણ હાજરી આપી. આ મિટિંગમાં મળેલ ઓર્ડર, લોન, માર્કેટિંગ અને બેન્ક લીંકેજમાં આવતી અડચણો વિષે ચર્ચા કરવામાં આવી હતી.**







**તા. ૩૦/૦૧/૨૦૨૬ ના રોજ સંસ્થાના પ્રતિનિધિ નરેન્દ્ર પોંકિયા અને ધીરુભાઈ વાગડીયાને ૨૧મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી ખાતે આમંત્રિત સભ્ય તરીકે હાજર રહેવાની તક મળી હતી. તેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર માં વર્ષ દરમિયાન થયેલ પ્રવૃતિઓ, વર્ષ ૨૦૨૬-૨૭ નું આયોજન, વિષય નિષ્ણાંત દ્વારા પ્રેઝનટેશનના માધ્યમથી વિષય આધારિત ટેકનીકલ બાબતોની ચર્ચાઓ કરવામાં આવી હતી. આ બેઠકમાં જુનાગઢ કૃષિ યુનીવર્સીટીના માનીનીય કુલપતિ શ્રી. ડો.વી પી ચોવટિયા સાહેબ, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન બી જાદવ સાહેબ, જીલ્લા ખેતીવાડી અધિકારી શ્રી. જે કે કાનાણી સાહેબ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એચ સી છોડવડીયા, સહ સંશોધન સુકી ખેતી રાજકોટના વૈજ્ઞાનિક ડો. ડી એ હીરપરા, તલ સંશોધન કેન્દ્રના વડા ડો. વી એસ ગોહિલ સાહેબ, નાયબ બાગાયત નિયામક શ્રી. એ એમ કરમુર સાહેબ, કે વી કે તરઘડીયા રાજકોટના વડા એમ એમ તળપદા સાહેબ, કેવીકે કાધાસરના વડા ડો. જે એમ વ્યાસ, સંશોધન વૈજ્ઞાનિક એન એમ કાછડિયા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના વડા મીનાક્ષી કે બારીયા હાજર રહી વિવિધ ભલામણો કરી હતી.**






## ૨૮ થી ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન પાટણ ખાતે પીયુ ટીમના સભ્યો માટે ૩ દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.




**ઉત્તમ કપાસ કાર્યક્રમમાં મહિના દરમિયાન મુખ્યત્વે ખેડૂતોને યોગ્ય વીણી માટે સલાખાનું વિતરણ, સ્વચ્છ વીણી અને વેચાણ અંગે ખેડૂતો અને મજૂરોની તાલીમ અને ચર્ચા, એલજી તાલીમ, ખેડૂતોની મુલાકાત, વર્મી કમ્પોસ્ટ બેડ, રેપીડ સોઇલ ટેસ્ટીંગ કીટ દ્વારા ટેસ્ટ, કેલેન્ડર વિતરણ અને સ્ટાફ વીકલી મીટીંગ જેવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી હતી.**




**સોંદરડી ગામના ૩૦ ખેડૂતોને તા. ૧૫/૦૧/૨૦૨૬ ના રોજ પ્રાકૃતિક વિકાસ બોર્ડ, કેવીકે અને આત્માના સ્ટાફ સાથે NIC મોડેલ ફાર્મની મુલાકાત કરાવવામાં આવી. જેમાં તેઓને રેપિડ કીટ સોઇલ ટેસ્ટિંગ કીટ દ્વારા માટીની ચકાસણી કરીને માહિતી આપવામાં આવી. NIC દ્વારા ૨૫ ખેડૂતોને દશપર્ણી અર્ક અને અગ્નિ અસ્ત્ર ૦૧ - ૦૧ લિટર ની:શુલ્ક આપવામાં આવ્યું.**










**તા. ૨જી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ચિતલ કાર્ય વિસ્તારના ૪૦ ઉત્સાહી ખેડૂતોને 'ખેડુત તાલીમ કેન્દ્ર' અમરેલી ખાતે પ્રાકૃતિક ખેતીમાં આગળ વધવા માટે તાલીમ આપવામાં આવી હતી.**



**૫ જાન્યુઆરીએ ટીંબી ખાતે અને ૧૨ જાન્યુઆરીએ અમરેલી ઓફિસ ખાતે કાર્યવિસ્તારના ઉદ્યોગસાહસિકોના વ્યવસાય વિકાસ અને ક્ષમતા નિર્માણની તાલીમોનું આયોજન કરવામાં આવ્યું હતું.**





**દામનગર ખાતે પ્રીતેશભાઈ નારોલા અને સંસ્થાના કાર્યકર ભાવેશભાઈના સહયોગ દ્વારા નેત્ર ચીકીત્યા ટ્રસ્ટ અમરેલી વતી સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૫૦ મહિલાઓ અને પુરુષ ખેડૂતોએ આ કેમ્પનો લાભ લીધો હતો.**












તા. ૧૦/૦૧/૨૦૨૬ ના રોજ શેખ પીપરિયા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આશીર્વાદ ફાઉન્ડેશનના સંકલનમાં સ્તન કેન્સર જાગૃતિ અને સ્ક્રીનીંગ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આંગણવાડી કાર્યકર્તાઓ અને આશા કાર્યકરો સહિત કુલ ૪૬ મહિલાઓ હાજર રહી હતી. સ્તન અને ગર્ભાશયના કેન્સર વિશે માહિતી આપવામાં આવી હતી અને વહેલા નિદાન દ્વારા કેન્સરથી બચવાની શક્યતા વિશે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. કેમ્પ દરમિયાન ૩૦ મહિલાઓની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૨૯ રિપોર્ટ સામાન્ય આવ્યા હતા અને એક શંકાસ્પદ કેસને વધુ તપાસ માટે અમરેલી હોસ્પિટલમાં મેમોગ્રાફી કરાવવાની સલાહ આપવામાં આવી હતી. રશ્મિબેને આસાની સેનિટરી પેડ્સ વિશે માહિતી આપી હતી.








ટપક E-MAGAZINE
Volume 3, Issue 10
January 2026

## IADLE પ્રોજેક્ટ હેઠળ માસિક સ્ટાફ મીટિંગ, બાયો ઇનપુટ સેન્ટર માટે ૬ સ્થળોએ શેડ ફિટિંગ, કોમ્યુનીટી લેવલ કમિટી મીટિંગ, ફિલ્ડ વિઝિટ, કૂવા રિચાર્જ અને મલ્ચિંગ અને ટ્રેઈલી જેવી પ્રવૃત્તિઓ થઈ.




**ગોંડલ કલસ્ટર વિસ્તારમાં વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે તાલુકા કક્ષાની ખેડૂતો સાથેની મીટીંગ જેમાં ગોંડલ, કોટડા સાંગાણી અને જસદણ તાલુકાના ગામોના ૬૮ લીડર અને કલાઈમેટ ચેમ્પીયન હાજર રહ્યા હતા, કુલ ૫ ચેકડેમ સંબંધિત કામ અને ૬૪ ફાર્મ આઉટલેટ સ્ટ્રક્ચર પૂર્ણ કરવામાં આવ્યા હતા તેમજ ૨ ગામના ૭ ખેડૂતોને ડ્રિપ માટે ટેકો આપવામાં આવ્યો હતો. આ વિકાસ ગ્રામીણ વિસ્તારોમાં પાણીની ઉપલબ્ધતા વધારશે અને કૃષિ પ્રવૃત્તિઓને ટેકો આપશે.**



## સોલાર રડાર લાઇટ ટ્રેપ, બાયોગેસ્ટર અને ઓર્ગેનિક કાર્બન અને NPK કંસોટીયા બેક્ટેરિયા જેવી સારી કૃષિ પદ્ધતિઓ ૪૪૧ ખેડૂતો સાથે શરૂ કરવામાં આવી હતી.





## ‘પશુ સખી’ તાલીમ કાર્યક્રમ ઘોઘવદર ગામમાં યોજાયો હતો જેમાં ગોંડલ, કોટડા સાંગાણી અને જસદણ તાલુકાના રસ ધરાવતા ખેડૂતોએ હાજરી આપી હતી.





**આ મહિને અમે પાંચવડા, શ્રીનાથગઢ અને કોલીથડ ગામમાં મહિલાઓની આજીવિકા વધારવાના ઉદ્દેશ્યથી ૩ કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમો પૂર્ણ કર્યા છે. આ કાર્યક્રમમાં ૨૧૫ મહિલાઓ સહભાગી થઇ હતી.**






**૧૭૦ મહિલાઓને તેમના જ્વેલરીના કામમાં વધારો કરવા માટે ટેબલ, ૧૧૯ મહિલાઓને પીવાના પાણીની ટાંકી અને ૭૫ પશુઓ માટે સ્વચાલિત પીવાના પાણીની ટાંકી આપવામાં આવી હતી.**





ટપક E-MAGAZINE
Volume 3, Issue 10
January 2026

**ઈશ્વરિયા અને પાંચવડા ગામોમાં ૬૦ સ્વ સહાય જૂથની મહિલાઓને વિવિધ યોજનાઓ દ્વારા નાણાકીય જોડાણ કરવામાં આવ્યું. ૨૮૭ મહિલાઓ સાથે ૭ ગામોમાં ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા માટેના ૨ તાલીમ કાર્યક્રમ પૂર્ણ કર્યા.**







**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia
Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org
Search for the org with its GSN or IT PAN on GuideStar India

**Share your review**



www.sskkamreli.org info@sskkamreli.org